જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૮/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૭૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૮ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૬૧૬ લીટર દેશી દારૂ, ૭૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૬૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૮ બિયર ટીન, ૦૨ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૨,૩૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૦૭૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘાડઃ– **સમાચાર યાદી નં.૧૦૭૬/૨૦૨૬**

એરપોર્ટઃ નોમાણખાન સ/ઓ રિઝવાનખાન શેખ (ઉ.વ.૩૧)(રહે."બી" વોર્ડ માચીસ ગલી, છારાનગર કુબેરનગર) એ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૮/૨૦૨૬ સવારના ૪/૧૫ વાગ્યાના સુમારે ભદ્રેશ્વર બસ સ્ટેન્ડ પાસે લીમ્બડીયા સામે રોડ ઉપર બે એક્ટીવા ઉપર આવેલ પાંચ અજાણ્યા પુરૂષએ ભેગામળી નોમાણખાન તથા તેના મિત્રોને શરીરે ગડદા–પાટુનો માર મારી, નોખાણખાન શેખનો ઓપ્પો કંપનીનો મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૪૦૦૦/– અને રોકડ રૂપિયા ૧૭,૦૦૦/– તેમજ તેમના મિત્ર સોહેલનો વિવો કંપનીનો મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૪૦૦૦/– અને રોકડ રૂપિયા ૩૩,૦૦૦/– તેમજ મિત્ર જાહીદના ખિસ્સામાંથી રોકડ રૂપિયા ૫૦૦૦/– કાઢી લઇ લૂંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જી.ચાવડા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૦૭૭/૨૦૨૬**

દાણીલીમડાઃ સુરેશસિંગ રણજીતસિંગ રાજપુત (ઉ.વ.૬૨)(રહે.શાસ્ત્રીચોક, સરદાર ચોકની બાજુમાં, વિરાટનગર ઇસનપુર) એ તા.૦૩/૦૮/૨૦૨૬ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૭/૨૦૨૬ સાંજના ૬/૦૦ થી તા.૨૮/૦૭/૨૦૨૬ સવારના ૧૧/૧૦ વાગ્યા દરમ્યાન શાસ્ત્રીબ્રિજનાં છેડે AMC પ્લોટની બાજૂમાં આવેલ સાબરમતી નદીનાં પટમાં જવાનાં રોડ ઉપર કંપનીની બે ક્રેનો પાર્ક કરીને મુકેલ હતી. જે કંપનીની બે ક્રેનના કેબલો કાપી અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. જે બન્ને ક્રેનના કેબલની આશરે કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/– હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.ચૌધરી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૦૭૮/૨૦૨૬**

સોલા હાઈકોર્ટઃ ગોતા ચાર રસ્તા પાસે આવેલ "તેજસ્વી શીલ્પ સ્થાપત્ય" ફેક્ટરીમાં કારીગર તરીકે કામ કરતા અને તેમની ઓરડીમાં રહેતા દિપકકુમાર સ/ઓ શિવકુમાર ગૌતમ (ઉ.વ.૩૮) (મુળ વતનઃ– ગામઃ સોનીખેડા તાઃ–બીજાપુર, જીઃ–ઉનાવ, ઉત્તરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૮/૨૦૨૬ સવારના ૯/૦૫ વાગ્યા પહેલા ઓરડીના છતની એંગલ સાથે પટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અમિતકુમાર કિશોરભાઇ ચલાવે છે.

એલીસબ્રીજઃ નરેશભાઇ અમરતભાઇ મારવાડી (ઉ.વ.૨૬)(રહે. ગણેશનગર આવાસ યોજના, ભુદરપુરા રોડ, આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૮/૨૦૨૬ રાતના ૮/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે ચુંદડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ધર્મેશભાઇ રમેશભાઇ ચલાવે છે.

સરદારનગરઃ કલ્પેશભાઇ સ/ઓ રમેશભાઈ સોલંકી (ઉ.વ.૩૦)(રહે. અંબીકા ડુપ્લેક્ષ, ઓઝોનસીટી પાસે, નોબલનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૭/૨૦૨૬ રાતના ૧૧/૩૦ થી તા.૦૨/૦૮/૨૦૨૬ રાતના ૮/૩૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેશભાઇ જેસંગભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી